ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૩-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

બેઉ બળિયા બાથે વળગિયા

કોસલ નરેશ અને કાશી નરેશ વચ્ચે 'મોટું કોણ?' એ પ્રશ્ને જીવસટોસટની હરિફાઇ જામી હતી. બાળકોના પાઠ્યપુસ્તકમાં આવતી એ વાર્તા જેવો જ કિસ્સો ઇ.સ. ૨૦૧૩માં બિહાર અને ગુજરાતના બડકમદાર મુખ્યમંત્રીઓ વચ્ચે આગામી વર્ષે થનાર વડાપ્રધાનપદની દાવેદારીના મુદ્દે ચાલી રહેલી ગળાકાપ સ્પર્ધા સ્વરૂપે સાકાર થઇ રહ્યો હોય એમ નથી લાગતું? મોદી છાશવારે કોઇ ને કોઇ બહાના હેઠળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં ચમકતા રહે છે અને દેશ તથા દુનિયામાં 'નમો-મંત્ર'ના જયજયકાર થતા રહે છે. બીજી તરફ એમને ઘોળે ઘરમે નહીં સ્વીકારવાની પ્રતિજ્ઞા લઇ બેઠેલા બિહારના લોકપ્રિય મુખ્યમંત્રી નીતિશકુમાર ક્યારેક પટણા બેઠાં બેઠાં તો ક્યારેક દિલ્હી આવીને પોતાની રાક્ષસી તાકાતનું પ્રદર્શન કરતા રહે છે. બિહારને વિશિષ્ટ રાષ્ટ્રનો દરજ્જો અપાવવાની માંગણી કરીને એમણે એક કાંકરે અનેક પક્ષી પાડી દીધાં છે. એક જાગ્રત લોકનાયક તરીકે તેઓ પોતાની પ્રજામાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યાં છે તો બીજી તરફ કેન્દ્રને સીધી જ ધમકી પણ આપી રહ્યાં છે અને જરૂર હોય તો દોસ્તીનો હાથ પણ લંબાવી રહ્યા છે. વ્યૂહાત્મક ચાલ ચાલી રહેલા જનતા દળ (યુ) ના નેતા પાસે બિહારની જથ્થાબંધ બેઠકો છે, જેના ટેકા વગર હાલ ભાજપના નેતૃત્વવાળા એનડીએ ગઠબંધનને આગામી સમયમાં સત્તાની ખુરશી સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડે એમ છે. બીજી તરફ કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ માટે જદ (યુ)નું સમર્થન કપરા સંજોગોમાં હેટ્રિક લગાવવાની સંભાવના સરજી શકે એવી સ્થિતિ છે. બિહારમાં ભાજપના ટેકાથી સત્તા મેળવનાર જદ (યુ), અત્યારે ભાજપની નેતાગીરી અને સવિશેષ તો વડાપ્રધાનપદના એના પ્રથમ ક્રમાંકના દાવેદાર નરેન્દ્ર મોદી માટે માથાનો દુખાવો બની રહેલ છે. નીતિશકુમાર પ્રાદેશિક પ્રભાવ ધરાવતા એમનાં પક્ષની અને એના નેતા તરીકે પોતાની મર્યાદા સમજે છે, એટલે એ વડાપ્રધાનપદ માટે સીધી દાવેદારી નોંધવતા નથી, પરંતુ દિલ્હીમાં બિહારી લોકોનાં ટોળે ટોળાં ખડકી દઇ બિહારને અવગણવું કોઇને પણ મોંઘું પડી શકે એમ છે, એટલું તો ખોંખારીને કહી જ શકે છે. બિહારની પાટા પરથી ખડી પડેલી ગાડીને ફરી પાટે ચડાવીને એમણે વિકાસનું નવું મોડલ પ્રસ્તુત કર્યું છે. મોદીનાં વિકાસ મોડલને એ આદર્શ તરીકે સ્વીકારવા તૈયાર નથી, કારણ કે ગુજરાત તો શરૂથી જ સમૃધ્ધ રાજ્ય રહ્યું છે. સંઘની 'ઇન્ડિયા' અને 'ભારત' જેની પરિભાષા પણ એમને કબૂલ નથી. પછાત રાજ્યોનાં વિકાસ માટે કેન્દ્ર એમને વિશેષ દરજ્જો આપે એવી એમની માગણી છે. આ માગણી તેઓ ભીખ તરીકે નહીં પણ પ્રજાના અધિકાર તરીકે મેળવવા માગે છે. જે સંગઠન કે ગઠબંધન આ માગણી સ્વીકારશે એને બિહારનું સમર્થન સાંપડશે. ઝારખંડની રચના થતાં બિહારના કમાઉ ઈકરા જેવા ખનિજ વિસ્તારો અને વનપ્રદેશની બાદબાકી થઇ ગઇ છે. નદીઓનાં પૂર મેદાની પ્રદેશમાં વરસોવરસ તારાજી ફેલાવે છે. તેવાં સંજોગોમાં બિહાર એના વિકાસ માટે સ્પેશિયલ પેકેજની માગણી કરે તે વાજબી પણ છે. પરંતુ દિલ્હીના રામલીલા મેદાનની રેલી એ બીજા અર્થમાં પણ 'અધિકાર રેલી' હતી. ઇંદિરા શાસનકાળમાં બિહારના લોકનાયક જયપ્રકાશ નારાયણની હાકલ પડી હતી : 'સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હૈ.' પ્રજાની તાકાત સામે સત્તાધીશોને નમવું પડતું હોય છે. નીતિશકુમાર હિંદી બેલ્ટના નવા નેતા તરીકે બેઉ મુખ્ય રાષ્ટ્રીય પક્ષોનો પડકાર ફેંકીને કહે છે કે બિહારની અવગણના કરી તમે દિલ્હીનું મયૂરાસન સર કરી શકો એ વાતમાં માલ નથી. ગર્ભિત રીતે એમણે એનડીએને સંકેત પાઠવી દીધો છે કે જદ(યુ) જરૂર પડ્યે પ્રાદેશિક પક્ષોનાં ત્રીજા મોરચા સાથે ભળી શકે છે અથવા કોંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકાર બિહારની ગુહાર સાંભળવા તૈયાર થાય તો એને પણ સમર્થન આપી શકે છે. નીતિશકુમારના આ વ્યૂહાત્મક આક્રમણથી ભાજપ માટે હવે એક જ રસ્તો બચે છે : નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેસરિયા કરી એકલા હાથે ચૂંટણી લડી લેવી કાં તો અડવાણી કે સુષમા સ્વરાજનું નામ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરી જદ(યુ) સાથે સમાધાન કરી લેવું. ચૂંટણી સમરાંગણનો પહેલો શંખનાદ થઇ ચૂક્યો છે.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ તાજેતરમાં આઈ.એ.એસ. જયંતિ રવિ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડીયા અને અન્ય આમંત્રિત મહેમાનોના સાંનિધ્યમાં યોજાયો હતો. આ પ્રસંગે મહેમાનોના શુભહસ્તે 'દૃષ્ટિ' મેગેઝિનનું વિમોચન કરવામાં આવ્યું હતું અને વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે અને સાંસ્કૃતિક રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર યુવાનોને મેડલ, પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

બાલશ્રી એવોર્ડ વિજેતા કુ. પ્રિયા અગ્રવાલનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના બા શ્રી વી.એન. સોલંકી બાલ ભવનનો તાજેતરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામ વિતરણ કાર્યક્રમ સેક્ટર-૨૮ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર બાલ ભવનની સભ્ય કુ. પ્રિયા અગ્રવાલનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

બાલભવનની સભ્ય કુ. પ્રિયા અગ્રવાલે રાષ્ટ્રકક્ષાએ સર્જનાત્મક લેખન કલામાં બાલશ્રી એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. જેને સમગ્ર બાલભવન પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

ચેરપર્શન જીતેન્દ્રસિંહ સોલંકી પ્રિયા અગ્રવાલને સ્પે-મોમેન્ટો પ્રદાન કરીને સન્માનીત કર્યા હતા. કુ. પ્રિયા અગ્રવાલના આજ દિન સુધીમાં ૩ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. તે ખૂબ જ સુંદર હિન્દી કાવ્યો રચે છે. આ ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૧૩માં યોજાયેલી બાલભવનની સ્થાનિક કક્ષાની બાલશ્રી સ્પર્ધાના ૪ વિભાગમાં સર્જનાત્મક કલામાં યશ્વી મોઢ, સર્જનાત્મક પ્રદર્શન કલામાં વિયોની ઠક્કર, સર્જનાત્મક લેખન કલામાં પલ્લવી પ્રબતાણી અને સર્જનાત્મક વૈજ્ઞાનિક નવીનીકરણમાં ઉત્સવ અણખીયા પ્રથમ નંબરે આવ્યા હતા અને જાન્યુઆરી-૨૦૧૩માં ગોવા મુકામે ઝોનલ લેવલની સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ચાર વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

બાલભવનના ચેરપર્સન જીતેન્દ્રસિંહ સોલંકી, ડાયરેક્ટર દિલીપભાઈ પટ્ટ, પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વાતિબા રાઓલ, વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના આચાર્યા લીલાબેન રાવલજી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન હિનાબેન વાઘેલાએ કર્યું હતું. જ્યારે આભારવિધિ જ્યોત્સનાબેન દેવડાએ કરી હતી.

એસ.એસ.પટેલ બી.એડ્. કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

સેકટર-૨૩માં આવેલ એસ.એસ. પટેલ બી.એડ્. કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સેકટર-૨૩માં આવેલ એસ.એસ. પટેલ બી.એડ.કોલેજ હોલમાં બપોરે ૨.૩૦ કલાકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમહેમાન તરીકે ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડીન ડૉ. વીણાબેન પટેલ, સેકટર-૧૨માં આવેલ નર્સીંગ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર.જે. વ્યાસ, બી.એડ. કોલેજના આચાર્યા ડૉ. જીજ્ઞાષાબેન જોશી તથા પત્રકારત્વ વિભાગના વ્યાખ્યાતા મિતેશ મોદી સહિત કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. વીણાબેન પટેલે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનું મહત્વ વિશે જણાવ્યું હતું કે, આ સંસ્થાના પાયામાં જ વિદ્યાર્થીઓ રહેલ છે, અને તેનું મૂલ્ય પણ ઘણું જ ઊંચું છે. વધુમાં કોઈપણ કામને છોછ કે નાનું ગણ્યા વિના જ તેનો આરંભ કરવો જોઈએ. ડૉ. જિજ્ઞાશાબેન જોશીએ અભ્યાસ કરતાં કોલેજના વિદ્યાર્થીઓને લઈને સંસદની રચના કરવામાં આવી હતી.

સ્નેહમિલન કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, લોકગીત, એકપાત્રીય અભિનય, સ્કીટ, વગેરે કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા.

કાર્યક્રમની આભારવિધિ પ્રા. સુનિતાબેન લીલાણી કરવામાં આવી હતી. સંચાનલ નરેન્દ્રભાઈ નાયી તથા તેમની ટીમે કર્યું હતું.

સેબીના તજજ્ઞ અમિતાબેન પટેલનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા 'ફાઇનાન્સિયલ પ્લાનિંગ ફોર યંગ ઇન્વેસ્ટર' વિષય પર સેબીના તજજ્ઞ અમિતાબેન પટેલનું વ્યાખ્યાન યોજાયેલ હતું. જેમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વ્યાખ્યાનનું આયોજન એન.એસ.એસ.ના વડા એન.કે. પટેલ દ્વારા યોજાયું હતું. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી સહિત સમગ્ર સ્ટાફ સાથે ઉપસ્થિત રહ્યો હતો.

આજે આર.એચ. પટેલ બી.એડ. કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજના તાલીમાર્થી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે કોલેજના ડીન વીણાબેન પટેલ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેર અને માણસા, હિંમતનગર, અમદાવાદ, વિજાપુર વગેરે શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓને યોગ્ય પ્લેસમેન્ટ મળી રહે તે માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આચાર્યા કુસુમબેન યાદવ, એજ્યુકેશન ડીન વીણાબેન પટેલ, સોમભાઈ પટેલ, આર.જે. વ્યાસ, રવિના ક્રિશ્ચિયન ખાસ ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓના હિતમાં જરૂરી કામગીરી સંભાળશે.

કાકા, બહેનને પોતાને સંતોષ હતો કે એ છેલ્લે 'ઝીરો ફીગર' સુધી પહોંચી ગઈ હતી.

વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે 'સુંદરી' નાટયોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સચિવ ડૉ. પ્રદીપ આઝાદે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વિશ્વ રંગ ભૂમિ દિન નિમિત્તે તા.૨૫મી માર્ચથી ૨૭મી માર્ચ ૨૦૧૩ સુધી જયશંકર સુંદરી નાટયગૃહમાં 'સુંદરી' નાટયોત્સવ યોજાશે. જેમાં વિવિધ કક્ષાએ એવોર્ડ પ્રાપ્ત કરનાર નાટકો પ્રદર્શિત થશે.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણી નિમિત્તે તા. ૨૫ માર્ચ ૧૩થી તા. ૨૭ માર્ચ-૧૩ દરમિયાન જયશંકર સુંદરી નાટયગૃહ, રાયખડ, અમદાવાદ ખાતે 'સુંદરી' નાટયોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટય મહોત્સવમાં તા. ૨૫ માર્ચ ૨૦૧૩ 'અંતિમ અપરાધ' ચિત્રલેખા દ્વારા આયોજીત નાટય સ્પર્ધામાં સૌથી વધુ એવોર્ડ વિજેતા નાટક, તા.૨૬ માર્ચ ૨૦૧૩ 'ખુશાલીનો વન્સમોર' ચિત્રલેખા દ્વારા આયોજીત નાટય સ્પર્ધામાં એવોર્ડ વિજેતા નાટક તથા તા. ૨૭ માર્ચ ૨૦૧૩ રાજયકક્ષાની અંતિમ નાટય સ્પર્ધાનું પ્રથમ વિજેતા નાટક 'મેકબ્રેથ' રજૂ કરવામાં આવશે.

નાટયોત્સવમાં રજૂ થનાર સફળ નાટકો માણવા માટે નાટય રસિકોને પધારવા હાર્દિક જાહેર નિમંત્રણ છે. તા. ૨૦ માર્ચ ૨૦૧૩થી નાટયોત્સવના આમંત્રણ કાર્ડનું રવિશંકર રાવલ કલા ભવન, લો ગાર્ડન, એલિસબ્રીજ, અમદાવાદ ખાતેથી ક્યેરી સમય દરમિયાન વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે.

આજે સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં આજે તા. ૧૯મી માર્ચ-૨૦૧૩ને મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેઝન્ટેશન-પ્રદર્શન કાર્યક્રમ આજે કોલેજ કેમ્પસમાં યોજાશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે વિદ્યાર્થીઓ પ્રેઝન્ટેશન રજૂ કરશે. આ પ્રદર્શનને નિહાળવા સૌ વિદ્યાર્થીઓને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સરકારી ઈજનેરી કોલેજ કેમ્પસમાં બોયઝ-ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૮

શહેરના સેક્ટર-૨૮ ખાતે આવેલ સરકારી ઈજનેરી કોલેજ કેમ્પસમાં સ્થિત નવનિર્મિત બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ તા. ૧૫ માર્ચ-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા નવીન લોકાર્પણ થયેલ હોસ્ટેલમાં આશરે ૨૮૦ બોયઝ અને ૧૮૦ ગર્લ્સ વિદ્યાર્થિનીઓ રહેશે. નવી હોસ્ટેલમાં બેડ, સ્ટડી ટેબલ, ચેર, સોલાર વોટર હીટર સહિત સુંદર ફર્નિચર અને રમતનું મેદાન પણ આવેલું છે. વધુમાં હોસ્ટેલમાં આર.ઓ. સીસ્ટમ, એલ.ઈ.ડી. ટી.વી. અને વાઈફાઈ જેવી સુવિધાઓ ટુંક સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે. હોસ્ટેલમાં એડમિશન લીધેલ વિદ્યાર્થીઓ ખુશખુશાલ જણાતા હતા. હોસ્ટેલમાં રહીને અભ્યાસ અને રમતગમત માટે પૂર્ણ સમય ફાળવી શકશે અને હોસ્ટેલને પોતાના ઘરની જેમ સાચવી સ્વચ્છ અને સુંદર રાખશે તેમ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

તેર વાસતે મેરા ઈશ્ક સૂફિયાના...!! સૂફી સંગીતમાં ગાયકો લીન શ્રોતાઓ તલ્લીન...!!

'કલાગુર્જરી'ના મૌસમ સૂફિયાનાની સફરમાં અમીર ખુશરોથી છેક કૈલાશ ખેર સુધીનાં ગાયકોનાં પ્રસિધ્ધ થયેલા દમાદમ મસ્ત કલંદર, સૈયા, પિયા હાજી અલી, જીયા ધડક ધડક જાયેં, પિયા રે પિયા રે, ચલ છૈયાં છૈયાં જેવા ગીતોએ આત્માનાં સંગીતની સમાધિ લગાવી

ઊઘડતે પડદે
- સંજય થોરાત

'જોધા અકબર' ફિલ્મનું 'ખ્વાજા મેરે ખ્વાજા' ગીતમાં જે અદ્‌ભૂત ફિલ્માંકન છે. અને એ.આર. રહેમાના મ્યુઝિક અને અવાજથી જો એ ગીત અવિસ્મરણીય બન્યું હોય તો એનો રાઝ છે, સૂફી સંગીત... 'ડર્ટી પિક્ચર'નું બ્યુટીફુલ સોંગ 'ઈશ્ક સૂફિયાનાં' અને 'રોક સ્ટાર'ના 'કુન ફાયાકુન' ગીત એ આજની યુવા પેઢીમાં અત્યંત પોપ્યુલર થયેલું... અને આજ પ્રકારનાં સૂફી ગીતોની હવા હમણાં જોરમાં ચાલી છે, એટલે છેલ્લાં બે-ચાર વર્ષમાં ટોપટેન ગીતોમાં સૂફી ગીતોનો દબદબો જોવા મળે છે...

'કલા ગુર્જરી' એ શ્રોતાઓની નાડ પારખીને અવનવાં કાર્યક્રમો કરવા માટે જાણીતી છે, એ જ સિલસિલો આગળ વધારતાં આજે એમણે 'મૌસમ સૂફિયાના' નામનો સૂફી સંગીતની મિરાત રજૂ કરતો મસ્ત કાર્યક્રમ યોજયો હતો... અત્યારનાં યંગસ્ટર્સ તથા સંગીત ચાહકોમાં ભાગ્યે જ કોઈ એવું હશે જે સૂફી સંગીતની મોહિનીમાં તણાયા વિના રહ્યું હોય!! સૂફી ગીત-સંગીગનો બહુચર્ચિત અને જાણીતો પ્રકાર એટલે ક્વ્વાલી, હૃદય તથા મનમાં ઊંડાણ સુધી પહોંચીને આપણને શાંતિ આપનારૂં આધ્યાત્મિક સંગીત એટલે સૂફી સંગીત...

'કલાગુર્જરી'ના પ્રમુખ એન.પી. પટેલે એમનાં આ વર્ષનાં છેલ્લાં કાર્યક્રમમાં સૌને આવકારી સૂફી સંગીતની સમાધિમાં લીન થવાશે એવી ખાત્રી સાથે આવતાં વર્ષેય શ્રેષ્ઠતમ કાર્યક્રમ આપવાની ખાત્રી આપી... 'મૌસમ સૂફિયાનાં...' પરદો ખુલવાની સાથે જ અમીત ઠક્કરની મેલોડિયસ ધુન અને 'ડફ' ઉપરની રિધમ, તબલાનો ઠેકો, બસ મંદિરનું દ્વાર ખુલે ને લોબાનની ખુશ્બુ પ્રસરે એમ આવનારા ત્રણ કલાક હવે સૂફી સંગીતની સૂફિયાના સફર 'દમા દમ મસ્ત' રહેશે એનું આચમન કરાવી દીધું...

સૂફી સંગીતમાં ગાયન, નૃત્ય અને સંગીત સાથે ખુદાની બંદગી કરવામાં આવે છે. સૂફી સંગીતની સાથે જે નૃત્ય થાય એને 'સમા' કહેવાય જેમાં સૂફી દરવેશ કે મેળવેલી ગાયન, વાદન અને નૃત્ય સાથે ગોળ ગોળ ફરતાં જાય (ગોળ ફરતા મૌલવીઓ મેળવેલીનાં નામે ઓળખાય છે) અને અલૌકિક શક્તિ સાથે પ્રભુની નીકરતાં સાધના થાય... બસ આવું જ સુંદર દૃશ્ય સાથે 'કલાગુર્જરી' નું બેનર ઝુલતું હતું... 'કલાગુર્જરી દેસાઈ'નું ઉપનામ પામેલી દિપ્તી દેસાઈએ 'પિયા હાજી અલી, પિયા હાજી અલી' ની તાન છેડા અને ઢોલ-તબલાં કોરસ સાથે ખુદાની બંદગી સુધી પહોંચી જવાય એવો માહોલ બનાવી દીધો...

કાર્યક્રમમાં સૂત્ર સંચાલક 'બુધવારની બપોર' ના લેખક અશોક દવેનાં પુત્ર સમ્રાટ દવેએ સૂફી સંગીત એ પ્રિયતમા કે ભગવાનના હૃદય સુધીનું પહોંચવાનું દ્વાર છે, એમ કહી દિપ્તી દેસાઈ જેવી વર્સેટાઇલ સિંગરના આજે સૂફીનાં નવા રંગરૂપમાં દર્શન કરાવવા આમંત્રણ આપ્યું. સૈયા મોહે, બસીયાં રે, ચાહે ગીતા બાચીયે, યા પઢીએ કુરાન, તેરી મેરી પ્રિત હી, હર પુસ્તક કી જ્ઞાન, રંગ દેની રંગ દેની, પ્રિયા કે રંગ રંગ દેની ઓઢની.... કિ-બોર્ડ પર આંગળીઓનાં કરતબ, સરગમનો આલાપ એટલે દરેક ગીત ગવાતું જાય અને સુફી સંગીતનો અફીણી નશો ચઢતો જાય...

દિપ્તી દેસાઈએ એની છટાદાર રજૂઆતનો દોર કાયમ રાખતાં આજકાલ સૌને ગમતું એવું ગીત, ''તેરે વાસતે મેરા ઈશ્ક સૂફિયાનાં'' રજૂ કરી પીપલ્સ ચૉઇસના તાળીઓનાં એવોર્ડથી છવાઈ ગઈ... અને એ કેસરીયા બાલમા, પધારો મ્હારે દેશ રે... મોરે સૈયા તો હે પરદેશ મેં કયા કરૂં સાવન કો અને પછી કૉરસની કમાલ કરાવતું ચલ છૈયાં છૈયાં છૈયાં... ગીતે તો ધમાલ કરાવી દીધી. ડફ વગાડતાં આર્ટીસ્ટે રંગ રાખ્યો તો સળંગ સાત ગીતોની દિપ્તીની રજૂઆતે સંપૂર્ણ માહોલ દિપ્તીમય થઈ ગયો...

કૈલાશ ખેરનો અવાજ આજનાં યુવાનોને ગમે છે અને એ ધ્યાને રાખી 'હિરે મોતી ના ચાહું મૈ, મૈં તો ચાહુ તેરા સંગમ, સૈયાં સૈયાં... ગીત હર્ષ શાહે એના તરોતાજા અવાજમાં ગાઈ છવાઈ ગયો... ઓ લાલ મેરી બસ રખીયો ભલા ઝુલેલાલણ, દમામ દમ મસ્ત કલંદર અલીદા પહેલાં નંબર... તબલચીએ જે રંગ રાખ્યો, ભાઈ વાહ ઉસ્તાદ બોલાયા વગર રહેવાંય જ નહીં... સૂફીનાં રંગમાં ચાર ગીતો મેડલી રોમેન્ટીક ગીતોનો દોર ચાલ્યો. નૈના બરસે રિમઝીમ, બરસેગા સાવન ઝુમઝુમ કે, આજ મારે પિયા ઘર આયે, ઓરી સખી મંગલ ગાવોની, અનહદ નાદ જગાઓ આ ગીત એટલે સમગ્ર કાર્યક્રમનાં કૉરસ ગીતનો શ્રેષ્ઠ નમૂનો બની રહ્યું...

હમ દિલ દે ચૂકે સનમનું અલબેલા સાજન આયો રી.. ઉસ્તાદ સુલ્તાનખાન, શંકર મહાદેવન અને કવિતાનાં અવાજનું આ ગીત શાસ્ત્રીય રાગ આહિર ભૈરવ પર આધારીત હતું અને એની રજૂઆતથી સરગમનાં આલાપથી અને અમીત ઠક્કરની કિ-બોર્ડની કલાથી આનંદની ચરમસિમા પ્રાપ્ત થઈ. સેંકડો વર્ષ જૂની સૂફી સંગીતની પરંપરાનો નવો દોર ચાલ્યો છે. અને આજે એકાદ સૂફી ગીતએ ફિલ્મીની ડિમાન્ડ બની છે. વાદા, ગેંગસ્ટર, વેક અપ સીડ, રાજનીતિ, જબ વી મેટ, ડર્ટી પિક્ચર.. એના તાજા નમૂના છે.

કલા ગુર્જરીએ માત્ર મનોરંજન નહીં પણ રચનાત્મક- કલાને પોષણ સારો સંદેશો અને સંસ્કૃતિ સાથે જોડાણ થાય એનાં ઉદેશ્યથી કાર્યક્રમો યોજે છે. એવી માહિતી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આપી. કલાને ગુજરી જતી અટકાવવાનાં આ પ્રયત્નમાં નવાં વર્ષે હૉલ છલકાઈ જાય એટલાં સભ્યો મળે એવું અભિયાન ચલાવવાની એમણે હાકલ કરી. કાર્યક્રમનાં આગળ દોરમાં મૌલા મેરે લેલે મેરી જાન, જીયા ધડક ધડક જાયેં, લાગી તુમસે મનકી લગન... એક સાંભળો અને માણો ત્યાં બીજું આવી જાય અવાજની મીઠાશના સૂરથી કાર્યક્રમ એની ઉંચાઈએ પહોંચ્યો..

સૂફી સંગીતની સમાધીમાં લીન કરવાનો જો શ્રેય જાય તો તે અમીત ઠક્કરને, કાર્યક્રમનાં કલાયમેકસમાં કરામતી કિ-બોર્ડ છોડી, હાર્મોનિયમ પર બેઠક જમાવી સૂફી સંગીતનું જ્ઞાન પીરસીને માત્ર નરઘાનાં સર્પોટથી સાંસોકી માલા પે સિમરૂ મેં પીકા નામ (રટણ કરવાનું કાર્ય) અને ગાયકીનાં જે ઉતાર ચઢાવ રજૂ કર્યા એનાં પરથી એમની સંગીત પરની સમર્પીતતા દેખાઈ આવે. રિયાઝ અવાજનો રંગ બતાવતાં ખ્વાજા મેરે ખ્વાજા આવે અને સતત ટાઉન હોલમાં એ.આર. રહેમાન જ વર્તાય એટલી હદે આમાં ગાયકો લીન અને શ્રોતાઓ તલ્લીન થઈ ગયેલાં...

માહોલને યથાવત રાખતાં પિયા રે પિયા રે તારે બીના લાગે નહીં મારા જીયા રે..., ગુરૂનું દમ દારા દમ દમ તેરે બીના બેસુવાદી રતીયાઓ સજણાં, અલી ઓરે અંગના દરસ દીખા, ઈશ્કમેં કેરે જોગણ બન ગઈ દિલ મેરા ડોલે હો હો... આખા વૃંદમાં દિપ્તી દેસાઈ, મિહીર જાની, હર્ષ શાહ, નયના શર્માનો કંઠ, તબલા-ડફ રિશી સરેયા, ઑકટોપેડ ભાવેશ ઠક્કર, ડરબૂકા- દિનેશકુમાર અને અફ કોર્સ કિ-કોર્ડ હાર્મોનિયમ પર અમિત ઠક્કર એટલે મૌસમ સૂફિયાના થઈ ગયો.. અને છેલ્લે હઝરત અમીર ખુશરોની છાપ તિલક સબ છીની રે મોસે નૈના મિલાયકે, સાંભળો એટલે સૂફી સંગીતની રૂહનો લુફત માણવા મળે..

અદ્‌ભૂત સંગીત- સુંદર અવાજ- ગીત સિલેકશન- રસાળ રજૂઆત કલાગુર્જરીના જયરાજસિંહ સરવૈયાને હાર્દિક અભિનંદન.. બૉલીવુડનાં ફિલ્મોમાં રાહત ફતેહ અલી ખાન, કૈલાશ ખેર, આબિદા પરવીન, શુભા મુદ્‌ગલ, ગુલામ અલી, રૂપ કુમાર રાઠોડ, નુસરત ફતેહ અલીખાન... ના અવાજમાં સૂફી સંગીત સાંભળવાનો લ્હાવો અનેરો છે.

સરસ મજાનાં કાર્યક્રમમાં નયના શર્મા જેવી હોનહાર ગાયીકા કેમ કૉરસનો સભ્ય બની રહી? સંગીતના સારેગામાપા જેવા કાર્યક્રમમાં લાફટર ચેલેન્જરનો એન્કર કેમ લાવ્યાં? સૈયોની, ચૈન એક પલ નહીં અને અલ્લાહ કે બંદે હસદે... જેવાં ગીત કેમ છૂટી ગયાં? જેવાં પ્રશ્નો ઘુમરાયાં કરતાં હતાં... સૂફી સંગીતથી અધ્યાત્મનાં માર્ગના સાત્વિક કાર્યક્રમની ખીરમાં એન્કર એટલે ખાંડની જગ્યાએ મીઠું અને એલચીની જગ્યાએ કાંકરી જેવો લાગ્યો.. બાકી ગીત-સંગીત અને કલાકારોને સૂફિયાણા અભિનંદન...